પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૧૯ તા. ૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૭/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી ઉર્મિલાબેન મેરામભાઇ ધાધલ ગામ - ભાલછેલ

સબડીવીઝન: તાલાળા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: મંગળવાર(૧૮.૦૮.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૮.૨૦ (મંગળવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ઉર્મિલાબેન મેરામણભાઇ ધાધલ ના ગ્રાહક નંબર હોટલ "લાયન્સ પો" ગામ - ભાલછેલ છે જે તાલુકો મેંદરડા જીલ્લો જુનાગઢ ખાતે આવેલ છે. તેઓને જ્યારે સિઝન હોય ત્યારે રૂ ૪૦,૦૦૦/- રૂપિયા બીલ આવે છે પરંતુ જયારે સિઝન ન હોય ત્યારે રૂ. ૧૫,૦૦૦/- બીલ આવે છે માહે જુન- 19 નું રૂ./- ૧,૮૫,૭૯૯/- નું આપવામાં આવ્યું જે સુધારી અને રૂપિયા ૧,૧૭,૦૪૭ નું બીલ આપવામાં આવ્યું સરકારના પરિપત્ર મુજબ સાસણ ની સીઝન ૧૫

જુનના રોજ પૂરી થતી હોય તેમ છતાં તેઓને સદર બીલ આવેલ છે - જેથી સદર બીલ બાબતે યોગ્ય કરવા માટે -અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી ની મૌખીક તેમજ લેખીત રજૂઆત મુજબ શ્રી ઉર્મિલાબેન મેરામભાઇ ધાધલ ના નામે સીજીઆરએફ માં અરજી કરેલ છે. તેઓ શ્રી દ્વારા વીજ બીલ બાબતે કેસ નોંધણી કરાવેલ છે.જેની હકીકત નીચે મુજબ છે.

૩.૧ અરજદારશ્રી શ્રીમતી ઉર્મિલાબેન મેરામભાઇ ધાધલ ગામ-ભાલછેલ ગ્રાહક નં.૮૧૪૩૫/૧૦૧૦૦/૬ કરારીત વીજભાર ૪૦ કીવો. હેતુ વાણિજય વપરાશ હોટેલ (LTMD) નું કનેક્શન ધરાવે છે.

૩.૨ અરજદારશ્રી દ્વારા તા.૧૮/૦૬/૨૦૨૦ ના જૂન-૨૦૧૯ માસ નું ૧૫૬૬૮ યુનીટ નું રૂ.૧,૧૭,૭૪૦/- નું વીજ બીલ આપવામાં આવેલ તે અંગે ની રજૂઆત તા. ૧૭/૦૭/૨૦૨૦ ના પેટા વિભાગીય કચેરી ખાતે કરેલ.

૩.૩ અરજદારશ્રી ને અરજી ના અનુસંધાને તા. ૨૭/૦૭/૨૦૧૯ ના રોજ નાયબ ઈજનેરશ્રી વિજીલન્સ જુનાગઢ ગ્રામ્ય-૨ તથા વેરાવળ દ્વારા સ્થળ ખરાઈ કરી ચેકિંગ શીટ નં.૨૯૧૪ તથા પ્રફોર્મા-૧૫ નં.૭૭૪૧ ભરતા સ્થળ ઉપર કરારીત વિજભાર કરતાં વધુ લોડ એટલેકે ૪૬.૮ કીવો માલુમ પડેલ તેમજ મીટર નો એક્યુચેક ટેસ્ટ લેતા તે નિયત મર્યાદા માં આવેલ.

૩.૪ તા. ૨૭/૦૯/૨૦૨૦ ના રોજ જુનિયર ઈજનેરશ્રી તાલાળા દ્વારા ફરીથી સ્થળ ઉપર જતાં ચેકિંગ શીટ નં.૧૮૮૧૭ ભરેલ તથા મીટર નો એક્યુચેક ટેસ્ટ લેતા તેપણ નિયત મર્યાદા માં આવેલ તેમજ મીટર નો એમ.આર.આઈ. ડેટા લીધેલ.

૩.૫ અરજદારશ્રી દ્વારા જે બીલ અંગે વાંધો લેવામાં આવેલ તે જૂન-૨૦૧૯ ના વીજબીલ નો બિલીંગ પીરીયડ ૧૭/૦૫/૨૦૧૯ થી ૧૮/૦૬/૨૦૧૯ છે. સદર સમયગાળા દરમ્યાન એમ.આર.આઈ. ડેટા નો અભ્યાસ કરતાં અલગ અલગ સમયે એમ.ડી. નીચે મુજબ નોંધાયેલ છે.

| ક્રમ | તારીખ | સમય | એમડી કીવો | ક્રમ | તારીખ | સમય | એમડી કીવો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૭.૦૫.૨૦૧૯ | ૧૫.૩૦ | ૪૩.૧૬ | ૪ | ૦૬.૦૬.૨૦૧૯ | ૨૩.૦૦ | ૪૦.૦૪ |
| ૨ | ૨૯.૦૫.૨૦૧૯ | ૨૧.૦૦ | ૪૨.૦૪ | ૫ | ૦૭.૦૬.૨૦૧૯ | ૨૧.૩૦ | ૩૬.૭૬ |
| ૩ | ૨૯.૦૫.૨૦૧૯ | ૨૨.૩૦ | ૩૮.૭૨ | ૬ | ૦૭.૦૬.૨૦૧૯ | ૧૫.૦૦ | ૪૬.૮૮ |

૩.૬ આમ એમ.આર.આઈ ના ડેટા ને તપાસતા મીટર માં કોઈ અનિયમીતતા જણાતી નથી,તથા અરજદારશ્રી દ્વારા ખરેખર વીજ વપરાશ થયા હોવાનું માલૂમ પડે છે.

### :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી શ્રીમતી ઉર્મિલાબેન મેરામભાઇ ધાધલ ગામ-ભાલછેલ ગ્રાહક નં.૮૧૪૩૫/૧૦૧૦૦/૬ કરારીત વીજભાર ૪૦ કીવો. હેતુ વાણિજય વપરાશ હોટેલ (LTMD) નું કનેક્શન ધરાવે છે અને તેઓ

શ્રી ને વધુ વીજબીલ આપવા અંગે મીટર ચેક કરેલ છે અને તે બરાબર છે.અને અક્યુચેક થી મીટર ચેક કરવામાં આવેલ છે.અને તે પણ બે વખત ચેક કરેલ છે.અને DT મીટર ઉપર થી છેલા છ મહિના નો ડેટા મળી શકે તેનાથી વધારે ડેટા મળી શકે નહીં તેમ છતાં એમ.ડી પણ વધારે છે ખરેખર તેમનો વીજ વપરાશ વધારે થયેલ હોવાનું જણાય છે.

૪.૨ અરજદારશ્રી દ્વારા બીલ ની રકમ ભરપાઈ કરેલી છે,કાર્યપાલક ઈજનેરશ્રી વેરાવળ ને સૂચના આપવામાં આવે છે કે,સદર મીટર વધુ તપાસ અર્થે મીટર કંપની માં મોકલી અને જે કાઈ નિર્ણય આવે તે મુજબ આગળની કાર્યવાહી કરવા માટે હુકમ કરવા માં આવે છે.અને આ રીપોર્ટ આવે થી ફોરમ કમિટી ને જાણ કરવી.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| --- | --- | --- |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯